અપીલ અરજી નં.૭૨ તા.૯–૫ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી રમેશ કે. જાંગીડ
સામાવાળાઃ–ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો)અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ)

**ફરીયાદની હકીકતઃ–**

વિષય :– આરટીઆઈ એકટ હેઠળ શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૯–૩–૧૧ ની અરજીથી સતનામ સેલ્સ કોર્પોરેશન ૧,૨,૩, કેવલકૃપા ઈન્ડ.સોસાયટી ભાઠેના–૩ પાછળ આંજણા તથા સ્વીટ વોટર ૧૪૩–૪૪ અવધુત ધામ સોસાયટી પરવત પાટીયા (૧) ઉપરોકત સ્થળે ચાલતી બંન્ને ડ્રીકીંગ વોટર સંસ્થા આપના વિભાગ તરફથી આપવામાં આવેલ ફુડ તથા આરોગ્યના લાયસન્સની નકલો આપશો. વિ.મુદ્દા નં.૧ થી ૬ ની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૯–૫–૧૧ ની **SMC/FAP/** નં.૭૨/૨૦૧૧–૧૨

શ્રી રમેશ કે. જાંગીડની તા.૨૯–૩–૧૧ ની અરજીથી સતનામ સેલ્સ કોર્પોરેશન ૧,૨,૩, કેવલકૃપા ઈન્ડ.સોસાયટી ભાઠેના–૩ પાછળ આંજણા તથા સ્વીટ વોટર ૧૪૩–૪૪ અવધુત ધામ સોસાયટી પરવત પાટીયા (૧) ઉપરોકત સ્થળે ચાલતી બંન્ને ડ્રીકીંગ વોટર સંસ્થા વિભાગ તરફથી આપવામાં આવેલ ફુડ તથા આરોગ્યના લાયસન્સની નકલો આપશો. વિ.મુદ્દા નં.૧ થી ૬ ની માહિતિ આપવા બાબતે ઈ.ચા. ડે.કમિશ્નર (હે અને હો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ વિભાગ)ના પત્ર જાવક નં.પીએચડી/ફુડ/૫૦ તા.૧૩–૪–૧૧ થી આપેલ માહિતિના મળેલ પ્રતિભાવથી નારાજ થઈ માંગેલ નકલો નહીં આપ્યાનું જણાવી એપેલેટ ઓફિસરને તા.૯–૫–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા સાથે નં.૧ થી ૩ ની નકલો બાબતે દફતરી રજીસ્ટર પરથી વિગતો તેમજ નં.ર અને ૩ અંગે કલમ–૮ ના અપવાદ હેઠળ ગણેલ છે કે કેમ? અને તે અન્વયે ઈન્કાર કરેલ છે કે કેમ? તે સ્પષ્ટતા કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૨૧૫ તા.૧૬–૫–૧૧ થી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૨૯–૩–૧૧ ની અરજીથી સતનામ સેલ્સ કોર્પોરેશન ૧,૨,૩, કેવલકૃપા ઈન્ડ.સોસાયટી ભાઠેના–૩ પાછળ આંજણા તથા સ્વીટ વોટર ૧૪૩–૪૪ અવધુત ધામ સોસાયટી પરવત પાટીયાના બાંધકામ અંગેની માહિતી માંગતી અરજી લીંબાયતઝોનને સંબોધતી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે સેન્ટ્રલઝોન તરફથી જાહેર માહિતી આરોગ્ય અધિકારી આરોગ્ય અધિકારીને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ફુડ તરફથી પત્ર નં.પીએચડી/ફુડ/૫૦ તા.૧૩–૪–૧૧ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે.જેમાં મુદ્દા નં. (૧) ઉપરોકત સ્થળે ચાલતી બંન્ને ડ્રીકીંગ વોટર સંસ્થા વિભાગ તરફથી આપવામાં આવેલ ફુડ તથા આરોગ્યના લાયસન્સની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ફુડ ખાતાના ઉપલબ્ધ રેકર્ડ તપાસતા (૧) પ્લોટ નં.૧,૨,૩, કેવલકૃપા સોસા., કિન્નરી સામે, ઉમિયા મંદિર રોડ, ભાઠેના –૩, આંજણા સુરત ખાતે આવેલ '' સતનામ સેલ્સ કોર્પોરેશન '' નામની સંસ્થાને પી.એફ.એ. એકટ હેઠળનું લાયસન્સ નં. **PFA/SEZ/01/129** (૨) પ્લોટ નં.૧૪૩/૧૪૪ અવધુત ધામ સોસા., મોડલ ટાઉન પાસે, પર્વત પાટીયા, સુરત ખાતે આવેલ સ્વીટ વોટર 'હ નામની સંસ્થાને પી.એફ.એ.એકટ હેઠળનું લાયસન્સ નં. PFA/SEZ/04/108 આપવામાં આવેલ છે.લાયસન્સ જે તે અરજદાર પાસે હોય તેની નકલ આપી શકાય તેમ નથી. તેવું જણાવેલ છે. મુદ્દા નં.(ર) આ લાયસન્સ મેળવવા માટે મિલ્કત ધારકે આપના વિભાગમાં રજૂ કરેલ અરજી સહિતના ડોકયુમેન્ટની નકલો આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ઉપરોકત લાયસન્સ નીચે જણાવેલ પુરાવાઓને આધારે આપવામાં આવેલ છે. સ્વીટ વોટર–૧૪૩–૧૪૪ અવધુતધામપરવત પાટીયા ડુંભાલ સુરતને બી.આઈ.એસ.સર્ટીફીકેટ, ભાગીદારી દસ્તાવેજ, ભાગીદારી વિસર્જન દસ્તાવેજ લીંબાયતઝોનનો રીપોર્ટ તેવું જણાવેલ છે. (૩) આ સંસ્થાઓને ફુડ તથા આરોગ્યનું લાયસન્સ આપ્યા બાદ અત્યાર સુધીમાં આપના વિભાગના કયા કયા અધિકારી, કર્મચારીઓ સંસ્થા ધારા ધોરણ મુજબ ચાલે છે કે કેમ તે અંગેની તપાસ કરેલ છે. તપાસ દરમ્યાન આપના વિભાગના અધિકારી/કર્મચારી ધ્વારા તૈયાર કરેલ રીપોર્ટની નકલ આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી ફુડ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ તપાસતાં ઠે–પ્લોટ નં.૧,૨,૩ રોડ કેવલકૃપા સોસા., કિન્નરી સીનેમા પાસે, ઉમિયા મંદિર રોડ, ભાઠેના–૩, આંજણા સુરત ખાતે આવેલ '' સતનામ સેલ્સ કોર્પોરેશન '' નામની સંસ્થાની ફુડ ઈન્સ્પેકટર શ્રી બી.આર. બ્રહમભટ્ટે તા.૨૭–૫–૧૦ ના રોજ મુલાકાત લઈ '' ઉમા–પેકેજેડ ડ્રીકીંગ વોટર'' નો નમુનો લેવામાં આવેલ છે. – ફુડ વિભાગના ઉપલબ્ધ રેકર્ડ તપાસતા પ્લોટ નં.૧૪૩/૧૪૪ , અવધુત ધામ સોસા. મોડલ ટાઉન પાસે, પર્વત પાટીયા , સુરત ખાતે આવેલ '' સ્વીટ વોટર'' નામની સંસ્થામાંની ફુડ ઈન્સ્પેકટર શ્રી ડી.કે.પટેલે તા.૧૩–૫–૦૯ ના રોજ મુલાકાત લઈ '' સ્વીટી –પેકેજડ ડ્રીકીંગ વોટર '' નો નમુનો લેવામાં આવેલ છે.તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૪) આ સંસ્થાઓની ચકાસણી દરમ્યાન આપના વિભાગના અધિકારી/કર્મચારીને સંસ્થામાં કયાંય પાણી ઠંડુ કરતાં અંગેના યંત્રો કે પ્લાન્ટ નજરમાં આવેલ છે કે કેમ? જો આવો કોઈ પ્લાન્ટ નજરમાં આવ્યો હોય તો તે કેટલી ક્ષમતાવાળો હતો તેની માહિતી આપશો. તે અંગે જાહેર માહિતી અધિકારી ધ્વારા 'ના' નો પ્રત્યુત્તર આપેલ છે. (૫) હાલમાં આ બંને સંસ્થાઓ સતનામ સેલ્સ કોર્પોરેશન પ્લોટ

નં.૧,૨,૩ કેવલકૃપા સોસા. તથા સ્વીટ વોટર પ્લોટ નં.૧૪૩,૧૪૪ અવધુત સોસા. અહીં દર્શાવેલ પ્લોટમાં જ પેકેજ ડ્રીકીંગ વોટરનું કામ કરે છે કે અન્ય કોઈ પ્લોટ પર પણ આ સંસ્થાઓનું કામ ચાલે છે તેની વિગત આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગમાં આવી માહિતી ઉપલબ્ધ નથી.તેવું જણાવેલ છે. મુદ્દા નં.(૬) ઉપરોકત બંને સંસ્થાઓના લાયસન્સ જે પ્લોટ પર આપેલા છે તે પ્લોટ સિવાયના અન્ય કોઈ આસપાસના પ્લોટ પર ઉપરોકત બંને સંસ્થાઓ કે અન્ય કોઈ સંસ્થાઓ પેકેજ ડ્રીકીંગ વોટરનો વ્યવસાય કરતી હોય તો તેની વિગત આપશો. તથા તે સંસ્થાઓને આપના વિભાગે કોઈ માન્યતા આપી હોય તો તેની વિગત અને જો કોઈ માન્યતા ન આપી હોય તો વિના માન્યતાએ ઉપરોકત ધંધો કરનાર સંસ્થાઓ વિરુધ્ધ અત્યાર સુધીમાં આપના વિભાગે કઈ –કઈ કાર્યવાહી કરી તેની નકલો સહિતની વિગતવાર માહિતી આપશો. તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી ફુડ વિભાગમાં આવી માહિતી ઉપલબ્ધ નથી. તેવું જણાવેલ છે. જે બાબતે અરજદારે નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ મુદ્દા નં.૧,૨ અને ૩ ની નકલો આપી નથી તેવું જણાવી તા.૯–૫–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. જેમાં મુદ્દા નં.૧ બાબતે અરજદારને નકલ બાબતે લાયસન્સ જે અરજદાર પાસે હોય તેની નકલ આપી શકાય તેમ નથી તેવા કારણ સહિત દફતરી માહિતી પૂરી પાડેલ છે. વધુમાં આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે કાયદા સાથે સુસંગત છે. મુદ્દા નં.૨ ની નકલ બાબતે જાહેર માહિતી અધિકારીએ તેવા દસ્તાવેજો કાયદાની કલમ–૧૧ મુજબ કાર્યવાહી કરીને જો આપવા જોગ થતા હોય તે મુજબની કાર્યવાહી કરી વિગતો પૂરી પાડવાની રહે. જયારે મુદ્દા નં.૩ માં લીધેલા નમુના ના રીપોર્ટની દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી અરજદારને જણાવવાની રહે.

જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૧ અંગે દફતરી રજીસ્ટર તથા નં.૨ અને ૩ અંગે આરટીઆઈના અપવાદ હેઠળ ઈન્કાર કરેલ હોય તો તેવી વિગતો માંગેલ પરંતુ અપીલ તબકકે તેવી કોઈ વિગતો પૂરી પડાયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૦૨–૨૦૧૧ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી મુદ્દા નં.૨ અંગે જરૂર જણાયે કલમ–૧૧ મુજબની ત્રાહિતને લગતી કે ત્રાહિત ધ્વારા પૂરી પાડેલ અને ખાનગી ગણેલ માહિતી બાબતે કાર્યવાહી કરી ઉચિત નિર્ણય અરજદારને જણાવવા અગર જાહેર હિતમાં માહિતી પૂરી પાડવા જાહેર માહિતી અધિકારીનો નિર્ણય હોય તો દિન–૧૫માં તેમ કરવા તથા મુદ્દા નં. ૩ ની નકલો બાબતે ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે તપાસ રીપોર્ટની નહીં પુરી પડાયેલ દફતરી ઉપલબ્ધ હકીકતલક્ષી માહિતી આરટીઆઈ એકટની કલમ–૭ (૬) હેઠળ વિના મુલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૧૫ માં અરજદારને પુરી પાડવા ઈ.ચા. ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ) ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૦૬–૨૦૧૧

પ્રતિ,
(૧)ઈ.ચા.ડે.કમિ.(હેઅનેહો) અને આરોગ્ય અધિકારી અને જાહેર માહિતી અધિકારી (ફુડ)...જાણ તથા અમલ માટે .
(૨) શ્રી રમેશ કે. જાંગીડ